# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

મંગળવાર ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬




### આણંદ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં શાસક વિપક્ષ વચ્ચે ધમાસાણ, ૨૦ જેટલા કામોને વિપક્ષના ઉગ્ર વિરોધ વચ્ચે બહુમતિથી મંજૂરીની મ્હોર

# આણંદ જિ. પંચાયતમાં વિપક્ષને ગ્રાન્ટ ન મળતાં હોબાળો

**વિપક્ષના સભ્યોએ** જાહેર કરાયેલા એજન્ડા પૈકીના કેટલાક કામો અંગે ફેરફાર સૂચવતા માહોલ ગરમાયો

(પ્રતિનિધિ) આણંદ તા ૨૧

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદના મુદ્દે ગૂંચવાયેલા માહોલ વચ્ચે સોમવારે સામાન્ય સભા કાર્યકારી પ્રમુખ જીલુભા સિંધાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જોકે સામાન્ય સભા વિપક્ષના સભ્યોએ જાહેર કરાયેલા એજન્ડા પૈકીના કેટલાક કામો અંગે ફેરફાર સૂચવતા માહોલ ગરમાયો હતો. છે.

કાનૂની વિવાદ અને પ્રમુખપદ માટે ચૂંટણી યોજવાની અટકળો વચ્ચે ખાસ સામાન્ય સભાનુ આયોજન થતાં શરૂઆતથી શાશક પક્ષ વિવાદમાં ઘેરાયો છે. આણંદ જિલ્લા પંચાયતની ગત ૩જી ઓગસ્ટના રોજ યોજાયેલી સામાન્ય સભામાં વિરોધ પક્ષના ઉગ્ર વિરોધ વચ્ચે માત્ર પાંચ જ મિનિટમાં બેઠક આટોપી લેવામા આવી હતી. ત્યારબાદ થોડા દિવસોમાં જ પ્રમુખ મયુરીબેન પટેલે એકાએક રાજીનામુ ધરી દેતા પ્રમુખપદ માટે ચૂંટણી યોજાવાની અટકળો વચ્ચે કોંગ્રેસના ગૌરીબેન તડવીએ વિરોધ દર્શાવ્યો હતો.

સોમવારે બપોરે બે વાગ્યે જીલ્લા પંચાયત સભાખંડમાં કાર્યકારી પ્રમુખ જીલુભા સિંધાના અધ્યક્ષસ્થાને યોજાયેલ ખાસ સામાન્ય સભામાં મોગર ગ્રામ પંચાયત વિરુદ્ધ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ હેઠળ કાર્યવાહી કરવાના મુદ્દે, સોજીત્રા તાલુકાના કાસોર ગામ પંચાયતને નગરપાલિકા નો દરજો આપવાના મુદ્દે બેઠક ભારે ધમાસાણ જેવી સ્થિતિ સર્જાઈ હતી.




સામાન્ય સભામાં એજન્ડા મુજબ વર્ષ ૨૦૨૬.૨૭ના સ્વભંડોળમાંથી નાપા સ્થિત પશુ ચિકિત્સા કેન્દ્રને ઢૂંઢાકુવા ખાતે લઈ જવા, લોકલ ફંડ સેશની વસુલાત, સૈયદપુરા ખાતે નવા પશુ ચિકિત્સાલયની દરખાસ્ત મંજુર કરવા સમાજ કલ્યાણ વિભાગને લગતા કામો, શિક્ષણ સમિતિના ચેરમેનના કાર્યાલયનું ટોયલેટ નવું બનાવવા સહિતના કામોના મુદ્દે બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવી હતી. જોકે મોટાભાગના મુદ્દાઓ મામલે આકરા પાણીએ રહેલો વિરોધપક્ષ લડી લેવાના મૂડમાં જણાયો હતો.

### કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોની ગ્રાન્ટ ફાળવણીની ફેરવિચારણા નહીં થાય તો કોર્ટ અને આંદોલનની ચીમકી

આણંદ જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યોને સરકારની ગાઈડલાઈન અને નિયમો મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જોકે કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યોને સદર ગ્રાન્ટ ફાળવવામાં આવી ન હોવાનો આક્ષેપ કરી વિપક્ષ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે.આ અંગે કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે જિલ્લા પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યોને ધ્યાને રાખીને ન્યાયના સિદ્ધાંત મુજબ ગ્રાન્ટનું આયોજન અને ફાળવણી થવી જોઈએ. પરંતુ હાલની ફાળવણીમાં એકતરફી નિર્ણય લેવાયો હોવાનો આક્ષેપ કરી તેની ફેરવિચારણા કરવા માંગ કરવામાં આવી છે. વધુમાં, ગ્રાન્ટની યોગ્ય ફાળવણી કરવામાં નહીં આવે તો ના છૂટકે વહીવટી તંત્રના સંબંધિત અધિકારી સામે નામજોગ કાયદેસરની કાર્યવાહી માટે કોર્ટનો આશરો લેવાની તેમજ ગાંધીચિંધ્યા માર્ગે જિલ્લા પંચાયત કચેરી પરિસરમાં આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

### કાસોર ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવા મામલે શાશક પક્ષની પીછેહઠ

સોજિત્રા તાલુકાના કાસોર ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવાનો મામલો સામાન્ય સભામાં ઉગ્ર બન્યો હતો. વિરોધ પક્ષના સભ્યોએ ઉગ્ર વિરોધ કરતાં હાલ પૂરતો નિર્ણય અટકી ગયો છે, . કાસોર ગ્રામ પંચાયતની વસતિને ધ્યાનમાં રાખી તેને નગરપાલિકામાં તબદિલ કરવાનો મહત્વના મુદ્દાનું કામ હાલ પૂરતું મોકુફ રાખવામાં આવ્યું હતું. આ બાબતે જિલ્લા પંચાયતના વિપક્ષી સભ્યોએ ઉગ્ર વિરોધ કરવાનું નક્કી કર્યું હતું. જેથી સભા શરૂ થતા અગાઉ વિપક્ષના સભ્યોનુ વલણ સ્પષ્ટ થતાં શાસક પક્ષે પીછેહઠ કરવી પડી હતી. આખરે હાલ પૂરતું કાસોર અંગેનું કામ મોકુફ રખાયું હતું.

### રેતી, કપચી અને ગ્રેવલ ગ્રાન્ટ હેઠળના કામોનો નિર્ણય લેવાયો

ખાસ સામાન્ય સભામાં અગાઉના કેટલાક કામો રદ કરી વિવિધ વિસ્તારોમાં નવેસરથી કામો મંજૂર કરવાની પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા પંચાયતના વિવિધ વિસ્તારોમાં પેવર બ્લોક તથા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા સંબંધિત કામોને પણ મંજૂરી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રેતી, કપચી અને ગ્રેવલ ગ્રાન્ટ હેઠળના કામો અંગે પણ નિર્ણય લેવાયો હતો. સભામાં જીલ્લા પંચાયત વર્ષ ૨૦૨૫-૨૬ના વાર્ષિક હિસાબોને મંજૂરી આપવી, સ્વભંડોળમાં નવા કામો લેવા તથા અગાઉના કામોમાં ફેરફાર સહિતના બાંધકામ શાખા તથા સ્વભંડોળને લગતા વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

---

### 'અર્બન એટલાસ પ્રોજેક્ટ' હેઠળ સર્વે કરાશે

## આણંદમાં મિલકતોની નવી આકારણી સર્વે શરૂ કરાયો

**નાગરિકોને સહયોગ** આપવા ડેપ્યુટી કમિશનરની અપીલ

(પ્રતિનિધિ) આણંદ તા.21

કરમસદ - આણંદ મનપા વિસ્તારમાં આવેલી તમામ મિલકતોની નવેસરથી માપણી અને આકારણી કરવાની મહત્ત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારના 'જીયુડીએમ' ના 'અર્બન એટલાસ પ્રોજેક્ટ' હેઠળ આ જવાબદારી 'એમ-નેક્સ્ટ ઈન્ફોટેક' કંપનીને સોંપવામાં આવી છે. કંપનીના સર્વેયર અને કર્મચારીઓ મિલકતધારકોના ઘરે-ઘરે જઈને જરૂરી વિગતો એકત્રિત કરશે.

કરમસદ - આણંદ મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનર એસ.કે. ગરવાલે જણાવ્યું હતું કે, નાગરિકોની સુરક્ષા અને સરળતા માટે સર્વેયર કર્મચારીઓને મહાનગરપાલિકા દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીની પોતાની સહી ધરાવતા અધિકૃત આઈડેન્ટિટી કાર્ડ (ઓળખપત્ર) આપવામાં આવ્યા છે. નગરજનોને અપીલ કરવામાં આવી છે કે આ કર્મચારીઓ આવે ત્યારે તેમના આઈ-કાર્ડની યોગ્ય ચકાસણી કરીને જ મિલકત સંબંધિત સચોટ માહિતી પૂરી પાડે.

આથી, મનપા વિસ્તારના નાગરિકો દ્વારા આપવામાં આવેલી સચોટ વિગતોના આધારે મિલકતોની નવી આકારણી કરાશે, જેનાથી ભવિષ્યમાં મહાનગરપાલિકાનું નવું આકારણી રજિસ્ટર તૈયાર કરવામાં મદદ મળશે. આ મહત્ત્વપૂર્ણ કામગીરીમાં તમામ નગરજનો અને મિલકતધારકોને પૂરતો સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

### ડાકોર દર્શને જતા વડોદરાના રેલવે એન્જિનિયર દંપતી સાથે છેતરપિંડી

## ઉમરેઠ પાસે 'સાધુ'ના વેશમાં આવેલા ઠગોએ ૧.૬૬ લાખના ઘરેણાં તારવ્યા

**રસ્તો પૂછવાના બહાને** કાર થોભાવી પેન, ચશ્મા અને આશીર્વાદ આપવાના નામે મંત્રમુગ્ધ કર્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

ઉમરેઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હમીદપુરા બ્રિજ નજીક વડોદરાના રેલવે એન્જિનિયર અને તેમનાં પત્નીને રસ્તો પૂછવાના બહાને રોકી, આશીર્વાદ આપવાના નામે તથા વાકછટાથી વશ કરી કારમાં આવેલા 'નાગા સાધુ' અને તેના ડ્રાઈવરે રૂ. 1.66 લાખની કિંમતના સોનાના દાગીનાની છેતરપિંડી આચરી ફરાર થઈ ગયા હતાં.

વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં રહેતા અને પશ્ચિમ રેલવેમાં સીનિયર સેક્શન એન્જિનિયર તરીકે ફરજ બજાવતા નિરજકુમાર હર્ષદરાય દેસાઈ (ઉ.વ. 56) અને તેમનાં પત્ની મૃદુલાબેન રવિવારે સવારે પોતાની એક્ટિવા મોપેડ પર ડાકોર મંદિર દર્શન કરવા જઈ રહ્યા હતા. સવારે આશરે 07:30 વાગ્યે હમીદપુરા ચોકીથી હમીદપુરા બ્રિજ વચ્ચે પાછળથી આવેલી એક સફેદ કલરની નાની કારના ડ્રાઈવરે ઈશારો કરી તેમને રોક્યા હતા.

આ કારના ડ્રાઈવરે 'મલંગ જવાનો રસ્તો ક્યાં છે?' તેમ પૂછી એન્જિનિયરને રોક્યા હતા. તે સમયે કારમાં ડ્રાઈવરની બાજુમાં કેસરી કલરનો દુપટ્ટો ઓઢીને બેઠેલા એક 'નાગા સાધુ' જેવા શખ્સે ગુજરાતીમાં વાતચીત શરૂ કરી હતી. સાધુએ પહેલાં પેન અને બાદમાં ચશ્મા માંગ્યા હતા. બાદ 'તમારા ઘરમાં સમૃદ્ધિ આવશે' તેવા આશીર્વાદ આપવાના બહાને વાતોમાં પરોવી અને મંત્રની વાકછટાથી નિરજકુમારને વશમાં કરી લીધા હતા.

ઠગ સાધુએ નિરજકુમારના જમણા હાથમાં પહેરેલી રૂ. એક લાખની કિંમતની ગુરુના નંગવાળી 1.5 તોલા સોનાની વીંટી કઢાવી લીધી હતી. બાદમાં તેમની પત્ની મૃદુલાબેનના માથે હાથ મૂકી આશીર્વાદ આપવાના નામે તેમના જમણા હાથમાંથી રૂ. 66 હજારની કિંમતનો 2 તોલા સોનાનો પાટલો (બંગડી) પણ કઢાવી લીધો હતો. દંપતી અવાક બની ગયું ત્યારે ઠગોએ તેમના હાથમાં રૂ. 500ની નોટ મૂકી 'આ નોટ ઘરમાં મૂકી રાખજો' તેમ કહી કાર ઉમરેઠ તરફ ભગાડી મૂકી હતી. આ બનાવ અંગે ઉમરેઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઠગ ટોળકીની વિગત અને ગુનાની વિગત

- **સાધુ :** આશરે ૩૦ વર્ષની વય, આખા શરીરે કાળા વાળ ધરાવતો અને સફેદ નાની કારમાં કેસરી દુપટ્ટો ઓઢીને બેઠેલો શખ્સ.
- **ડ્રાઈવર :** આશરે ૨૫ થી ૨૮ વર્ષની વય, શ્યામ વાન, મોટું નાક, સફેદ ટી-શર્ટ અને કાળા પેન્ટમાં સજ્જ યુવક.

---

### મહેમદાવાદમાં બેલેટ પેપર બહાર મળતા શંકા ઉઠી

## અર્બન બેંકની ચૂંટણીમાં બોગસ વોટિંગની આશંકા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

મહેમદાવાદ અર્બન પીપલ્સ કોઓપરેટિવ બેંક લિમિટેડના ડિરેક્ટર પદ માટે યોજાયેલી ચૂંટણીમાં મતદાન મથકની બહારથી ચૂંટણી અધિકારીની સહી વાળું બેલેટ પેપર મળી આવતાં ભારે વિવાદ સર્જાયો છે. મતદાનની ગુપ્તતાના નિયમોના સરેઆમ ભંગ અને ગેરરીતિની આશંકા સાથે પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મહેમદાવાદની સોનાવાલા હાઈસ્કૂલ ખાતે ગત તારીખ 20 સપ્ટેમ્બર 2026 ના રોજ મહેમદાવાદ અર્બન પીપલ્સ કોઓપરેટિવ બેંકના ડિરેક્ટર પદ માટે મતદાન યોજાયું હતું. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા આપવામાં આવતા બેલેટ પેપર પૈકી એક સહી વાળું બેલેટ પેપર મોડી રાત્રે શાળાના ગેટ પાસેથી કચડાયેલી હાલતમાં મળી આવ્યું હતું. આ ઘટના સીધી રીતે ગુજરાત કોઓપરેટીવ સોસાયટીઝ એક્ટ અને ચૂંટણી નિયમો મુજબ મતદાનની ગુપ્તતાના કાયદાનો ખુલ્લો ભંગ દર્શાવે છે.

આ અંગે મહેમદાવાદના સામાજિક કાર્યકર દ્વારા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરને લેખિત ફરિયાદ સોંપવામાં આવી છે. જેમાં આક્ષેપ કરાયો છે કે પ્રિસાઈડિંગ ઓફિસરની સહી વાળું બેલેટ પેપર ચોક્કસ ઉમેદવારને જીતાડવાના ઈરાદાથી બહાર લાવવામાં આવ્યું છે અને આ પદ્ધતિથી બોગસ વોટિંગ કરવામાં આવ્યું હોવાની પ્રબળ આશંકા છે. અર્ધસરકારી કે સત્તાવાર દસ્તાવેજના આવા દુરુપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ચોરી અથવા ઉચાપતની કલમો મુજબ ગંભીર ગુનો બની શકે છે.

---

### પુત્ર જ પિતાનો કાળ બન્યો | ઘાતક હુમલો કરી ગળું કાપી નાખ્યું

## બાકરોલમાં પુત્રે જ ધારદાર હથિયારથી પિતાની હત્યા કરી

**વિદ્યાનગર પોલીસે** ગુનો નોંધી ફરાર પુત્રની શોધખોળ આદરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

આણંદ તાલુકાના બાકરોલ ગામની પ્રગતિ નગર પતરાવાળી કોલોનીમાં કૌટુંબિક ઝઘડાના કારણે પુત્રે જ પોતાના પિતાની ધારદાર હથિયારથી નિર્મમ હત્યા કરી હોવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. પિતા કાલુભાઈ બેલીમના ગળા, નાક અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હત્યા કર્યા બાદ આરોપી પુત્ર આશિકમીંયા ફરાર થઈ ગયો છે. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસ મથકે મૃતકની પુત્રી તસલીમબાનુએ પોતાના ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આણંદના બાકરોલ ખાતે રહેતા કાલુભાઈ હસુભાઈ બેલીમ અને તેમના પુત્ર આશિકમીંયા વચ્ચે અગાઉથી જ નાના-મોટા કારણોસર અવારનવાર ઝઘડા થતા હતા. આમ, ઉગ્ર અને ગુસ્સાવાળા સ્વભાવનો આશિક અગાઉ પણ પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. દરમિયાનમાં ૨૦મી જુલાઇ,૨૦૨૬ ના રોજ બપોરે આશરે ૩:૧૫ વાગે ફરિયાદી પુત્રી તસલીમબાનુ ઘરે પહોંચી ત્યારે પિતા કાલુભાઈ પલંગમાં લોહીલુહાણ હાલતમાં સીધા પડેલા મળી આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં કાલુભાઈના ગળાના ભાગે રૂમાલ વીંટોળેલો હતો અને રૂમાલ ખસેડતા ગળાની ડાબી બાજુએ કોઈ ધારદાર હથિયારથી મારેલો ઊંડો ઘા જણાયો હતો. આ ઉપરાંત જમણી આંખ નીચે, નાક તથા માથાના ભાગે પણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આથી, ઈજાગ્રસ્ત કાલુભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે શ્રીકૃષ્ણ હોસ્પિટલ કરમસદ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના બન્યા બાદ આરોપી પુત્ર આશિકમીંયા પોતાનો મોબાઈલ ફોન સ્વિચ ઓફ કરીને ફરાર થઈ ગયો છે. આ અંગે વિદ્યાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

---

## જમીન દફતર કચેરીના કર્મીઓ હડતાળ પર ઉતર્યાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડઝ વર્ગ ૩કર્મચારી મંડળના ખેડા જિલ્લા યુનિટ દ્વારા પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અગાઉ આપવામાં આવેલા અલ્ટિમેટમ બાદ પણ તંત્ર દ્વારા કોઈ હકારાત્મક ઉકેલ ન આવતા, અંતે ૨૧મી સપ્ટેમ્બર 2026થી તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. કર્મચારીઓએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન તેજ બનાવી ખેડા જિલ્લા કલેક્ટરને પત્ર લખીને પોતાના નિર્ણયની સત્તાવાર જાણ કરી દીધી છે.

ખેડા જિલ્લા જમીન દફતર કચેરીના કર્મચારીઓની મુખ્ય માંગણીઓ લાંબા સમયથી પડતર છે. જેમાં હાલના પગાર ધોરણમાં પે મેટ્રિક્સ લેવલ 5ને બદલીને લેવલ ૭ મુજબ કરવા અને ગ્રેડ પે ૨,૮૦૦ થી વધારીને ૪,૪૦૦ કરવાની રજૂઆત કરાઈ છે. વર્તમાન પે મેટ્રિક્સ લેવલ ૪ (૨૫,૫૦૦ થી ૮૧,૧૦૦) થી વધારીને લેવલ 5 મુજબ ૨૯,૨૦૦થી ૯૨,૩૦૦ કરવાની માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત મંડળ દ્વારા ગત ૧૧મી ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ આવેદનપત્ર આપીને તંત્રને ૩૦ દિવસનું આખરીનામું આપવામાં આવ્યું હતું. તંત્ર તરફથી કોઈ ઉકેલ ન આવતા કર્મચારીઓએ તબક્કાવાર વિરોધ નોંધાવ્યો હતો. 11મી સપ્ટેમ્બર થી 18મી સપ્ટેમ્બરના રોજ કચેરીમાં હાજર રહીને કામગીરીથી અળગા રહી 'પેનડાઉન' વિરોધ કર્યો હતો. રાજ્યભરના કર્મચારીઓ સાથે એક દિવસીય 'માસ કેઝ્યુઅલ લીવ' પર રહ્યા હતાં. આખરે પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ મુજબ તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ગયા છે.

---

### મોગરના સ્થાનિક વહીવટી વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાયો

## મોગર ગ્રામ પંચાયતનું બજેટ મંજૂર ન થતાં બરખાસ્તની તવાઈ

**મોગર ગ્રામ પંચાયતને** બરખાસ્ત કરવા અંગેનો ઠરાવ સરકારમાં મોકલવાનો નિર્ણય કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા ૨૧

આણંદ તાલુકાની મોગર ગ્રામ પંચાયતને સુપરસીડ કરવાની કાર્યવાહી હવે જિલ્લા સ્તરેથી રાજ્ય કક્ષાએ પહોંચી છે. મોગર ગ્રામ પંચાયત દ્વારા અગાઉનું બજેટ મંજૂર કરવામાં નિષ્ફળતા રહેતા સમગ્ર મામલે જિલ્લા પંચાયત દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે. જેના પગલે મોગર ગ્રામ પંચાયતને બરખાસ્ત કરવા અંગેનો ઠરાવ સરકારમાં મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લા પંચાયતના કાર્યકારી અધ્યક્ષ જિલુભા સિંધાના અધ્યક્ષસ્થાને મળેલી ખાસ સામાન્ય સભામાં મોગર ગ્રામ પંચાયતને બરખાસ્ત કરવાના મુદ્દે ચર્ચા હાથ ધરાઈ હતી. ચર્ચા બાદ ગ્રામ પંચાયતને સુપરસીડ કરવાની કાર્યવાહી માટેનો ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગ્રામ પંચાયતની કામગીરીમાં બજેટ મંજૂરીનો મુદ્દો મહત્વનો બન્યો હતો. અગાઉના બજેટને મંજૂરી આપવામાં પંચાયત નિષ્ફળ નિવડતાં વહીવટી પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી હતી. હવે જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની મંજૂરી બાદ સમગ્ર મામલો રાજ્ય સરકાર સમક્ષ મોકલવામાં આવનાર છે.

હવે સરકાર દ્વારા રજૂ થયેલા ઠરાવ અને સંબંધિત દસ્તાવેજોની ચકાસણી બાદ મોગર ગ્રામ પંચાયત અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. જો સરકાર દ્વારા સુપરસીડની કાર્યવાહી મંજૂર કરવામાં આવશે તો પંચાયતની ચૂંટાયેલી સંસ્થાની સત્તા પર અસર પડશે અને સરકારના નિયમો મુજબ આગળની વહીવટી પ્રક્રિયા હાથ ધરાશે.

આ નિર્ણયને પગલે મોગર ગામના રાજકીય અને સ્થાનિક વહીવટી વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. સરકાર હવે શું નિર્ણય લે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

---

## કપડવંજના વાત્રકકાંઠામાં માત્ર ૫ વર્ષમાં જ ચેકડેમ ક્ષતિગ્રસ્ત થતાં રોષ

**બેદરકાર** અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવા રજૂઆત

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૧

કપડવંજના પશ્ચિમે આવેલ વાત્રકકાંઠા વિસ્તારમાં નિર્માણ પામેલો ચેકડેમ માત્ર ૫ વર્ષના ટૂંકા ગાળામાં ક્ષતિગ્રસ્ત થતાં પરિસ્થિતિ ગંભીર બની છે. ડેમમાં પડેલા ગાબડાના કારણે બાકીનો જળસંચય પણ ખાલી થઈ જવાની અને સમગ્ર પંથકને ભારે નુકસાન વેઠવાનો વારો આવવાની ભીતિ સેવાઈ રહી છે.

આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પંથકના લોકો દ્વારા વહીવટી તંત્ર પાસે માંગ કરવામાં આવી રહી છે કે વિલંબ કર્યા વગર ચેકડેમની મરામતની કામગીરી હાથ ધરવામાં આવે. જો તાત્કાલિક ગાબડું પુરવામાં નહીં આવે તો ડેમમાં રહેલો બાકીનો જળસંચય પણ સંપૂર્ણપણે ખાલી થઈ જશે, જેનાથી આખા વિસ્તારને મોટું નુકસાન થશે. આથી પાણીનો વેડફાટ અટકાવવા માટે યુદ્ધના ધોરણે સમારકામ શરૂ કરવું અત્યંત જરૂરી બન્યું છે.

બીજી તરફ, માત્ર ૫ વર્ષમાં જ ચેકડેમ ક્ષતિગ્રસ્ત થવા પાછળ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે તપાસ કરવાની માંગ પણ જોર પકડી રહી છે. સમગ્ર નિર્માણ કાર્યની ગુણવત્તાની તટસ્થ તપાસ કરવામાં આવે અને કામગીરીમાં દાખવવામાં આવેલી નિષ્કાળજી બદલ જવાબદારો સામે કડક પગલાં ભરવામાં આવે તેવી સ્પષ્ટ રજૂઆત સ્થાનિકો દ્વારા કરવામાં આવી છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225